# Ana(n)t Nā Nav Chhugā

## Day 2: Chhugo Bijo

# છૂગો બીજો

આશાજી અણુત તાર્યાનું વિચારજ કરતાં, તે કેતાક જુગજ જાણોજી;
અમારે માથે તમે મહેરજ આણો, મૌલા નવ છૂગાની છઉં નારી-અલી. ૧

આશાજી અમારા નાથ તમેજ છો, તં તમે ચતૂર સુજાણજી;
તમ તણી અમે નારી થઇ રહયા, મૌલા તમે છો નર અવતાર–અલી. ૨

આશાજી કોલ કરી અમેજ આવિયા, મૌલા કરું તમારી સેવાજી;
અમે જોગી ભવો ભવ તણા, શાહ અમને છે તમારી આશા-અલી. ૩

આશાજી જૂના જોગી ભવોભવ તણા, તમે કંઇ ન લ્યો અમારી સારજી;
હું નવ છૂગાની પાઘડી લાવી, તે લાવી તમારી નાર–અલી. ૪

આશાજી મુસ્તક હમારો નીચો ઘણો, ઊપડે તે નહી લગારજી;
હળવે હળવે ડગલાં ભરું, પ્રેમ કરું અપાર–અલી. ૫

આશાજી કઠણ પોહોરો કલજુગ તણો, તેમાં મેહેર કરો મુરારજી;
મૌલા એમહી જાણી મેહેરજ કરજો, મયા કરો એ મુરાર–અલી. ૬

આશાજી કેતાક આકડા અમેજ વીણ્યા, તેહ તણો કપાસજી;
એણી રીતે કરીને કાંત્યા, તેનું સૂતરજ ખાસ–અલી. ૭

આશાજી નારી ફરતી તીયાંજ કાંતતી, તમે સૂણો નર સુજાણજી;
અમારો નર અમ ઘર આવશે, નકલંકી ચતૂર નીરવાણુ–અલી. ૮

આશાજી વાત સાંભળો નારીજ તણી, તે સતસું વિનવે જાણુજી;
કેતીક વાતે મેહેર મોરા જોગિયા, નવ છૂગાની વેનતી પરમાણો–અલી૦ ૯

આશાજી હસન હુસેનકી આલજ કહીએ, સોહી હસન સાહા ખાસજી,
પીર હસન કબીરદ્દીન બોલ્યા હો મૌલા, પૂરો હમારી આશા–અલી અનત.૧૦